અપીલ અરજી નં.૨૮૩ તા .૨૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિજય ઈશ્વરલાલ રસકપુરવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય ઈશ્વરલાલ રસકપુરવાલાની તા. ૫–૮–૧૧ની અરજીથી સંગમ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી. ના પ્લોટ નં.૩૩ ના રીવાઈઝ પ્લાન અંગે તથા પત્ર નં.ટીડીઓ/ ૧૫૯૨ તા.૨૯–૭–૧૧ ના અનુસંધાનમાં મુદ્દા નં.(૧)થી (૧૦)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૩/૨૦૧૧–૧૨

શ્રી વિજય ઈશ્વરલાલ રસકપુરવાલાની તા. ૫–૮–૧૧ની અરજીથી સંગમ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી. ના પ્લોટ નં.૩૩ ના રીવાઈઝ પ્લાન અંગે તથા પત્ર નં.ટીડીઓ/૧૫૯૨ તા.૨૯–૭–૧૧ ના અનુસંધાનમાં મુદ્દા નં.(૧) થી (૧૦) ની માહિતી આપવા બાબતે ડે.કમિ(પી.એન્ડ.ડી)અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટી.ડી.ઓ/૨૩૬ તા.૩–૯–૧૧થી મુદ્દા નં.૫,૬ અને ૯ થી મળેલા પ્રતિભાવથી તથા મુદ્દા નં. (૧૦)ની માહિતી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે** વધુમાં મુદ્દા નં. ૯ અંગે અરજદારની રજુઆત અનુસાર બાબત હેઠળનું માપ દફતરે ચો.ફુટમાં ઉપલબ્ધ છે કે કેમ ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૫ તા.૧–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મુળ અરજીની વિગત, ફીની વિગત અપીલમાં જણાવેલ નથી જેથી તે જણાવવા તથા મુદ્દા નં. ૭ પરથી મુદ્દા નં.૬ની માહિતી મળેલ જણાય છે છતાં નારાજગી અંગે સ્પષ્ટતા કરવા તથા મુદ્દા નં. ૮ અંગે કલમ–૨(એફ) અને ૨(જે) ની વ્યાખ્યાનુસાર દફતરી વિગતે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ હોઈ, માપ અન્ય રીતે ગણીને આપવાના તેમના દાવા માંગણી અંગે જોગવાઈ સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૪૬ તા.૬–૮–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૨૫૬ તા.૧૫–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અપીલના પૂરક પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદાર તરફથી તા.૨૧–૧૦–૧૧ ના રોજ સીવીક સેન્ટર ખાતે તેમનો તા.૨૦–૧૦–૧૧ નો પત્ર સેન્ટ્રલઝોન મારફતે મળેલ છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૭૪૬ તા.૬–૮–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી મુદ્દા નં. ૧ થી ૯ ની માહિતી પત્ર નં.ટીડીઓ/૨૩૬ તા.૩–૯–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જયારે મુદ્દા નં.૧૦ અંગે પત્ર નં.ટીડીઓ/૨૩૩ તા.૩–૯–૧૧ થી સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સંગમ કો.ઓ. હાઉસીંગ સોસા. મંડળીની રીવાઈઝ પ્લાન સાથે બીડેલ મંડળીની એનઓસી ની નકલની કોપી.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૪ (ઉમરા–સાઉથ) ફા.પ્લોટ નં.૩૮ પૈકી સ. પ્લોટ નં.૩૩ વાળી મિલ્કતના મોડી ફાઈડ પ્લાન અરજી સાથે અરજદારે રજૂ કરેલ સંગમ સોસા.ના એનઓસીની નકલ પાના નંગ–૧ મેળવવા નકલ ફી પેટે રૂા.૨/– (અંકે રૂપિયા બે પુરા) મધ્યસ્થ શહેર વિકાસ કચેરીએ ભરપાઈ કર્યેથી નકલ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે મુદ્દા નં.૧ તથા ૮ ની વિગતો રસીદ ન.૧૪૨૫૩ તા.૯–૯–૧૧ થી રૂા.૪/– જમા કરાવેલ હોઈ પત્ર

નં.ટીડીઓ/૨૫૬ તા.૧૫–૯–૧૧ થી અરજદારને નકલ પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ નકલ માંગ્યા મુજબની નથી જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારીના તા.૨૭–૯–૧૧ ના પત્રથી પણ તા.૨૦–૩–૦૪ ની જુની એનઓસીની નકલ મળી છે નહીં કે તા.૧૩–૧–૧૦ ની નવા રીવાઈઝ (મોડીફાઈડ પ્લાનની એનઓસી) કે જે અંગે તેઓને વાંધો છે તેની નકલની માંગણી કરેલ છે. મુદ્દા નં.(૨) સંગમ કો.ઓ. હાઉસીંગ સોસા. મંડળીની જમીન ફકત રહેઠાણ માટેની છે માટે મંડળીની હેતુફેર કરી હોસ્પિટલ અંગેની મંજુરી દર્શાવવા પત્રની કોપી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતમાં રહેઠાણ હેતુસર માંથી હોસ્પિટલના હેતુ માટેના તા.૨૮–૪–૧૧ ના ટીડીઓ/૧ થી મંજુર કરેલ મોડીફાઈડ પ્લાનની નકલ નંગ–૧ મેળવવા નકલ ફી પેટે રૂા.૧૦૦/– ( અંકે રૂપિયા સો પુરા) મધ્યસ્થ કચેરીએથી ભરપાઈ કર્યેથી નકલ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ. મુદ્દા નં.(૩) સંગમ કો.ઓ. હાઉસીંગ સોસા. મંડળીની જમીન ઉપર આવી મંજુરી આપવા અંગે સરકારશ્રીના હુકમ અથવા સ્થાયી અને કાયદામાં જોગવાઈ હોય તો તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કો.ઓ. હાઉસીંગ સોસા.ની મંડળીની જમીનમાં મંજુરી આપવા બાબતે ડી.સી.આરમાં અલગથી કોઈ જોગવાઈ ન હોય માંગ્યા મુજબની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) સંગમ કો.ઓ. હાઉસીંગ સોસા. મંડળીના જિલ્લા રજીસ્ટ્રાર શ્રીની મંજુરી પણ લીધી છે કે કેમ? જો લીધી હોય તો તે પત્રની નકલ અને જો ન લીધી હોય તો કયા કારણસર નથી લીધી? તે જણાવશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જે તે સમયના પ્રવર્તમાન ડી.સી.આર ૧૯૮૬ મુજબ આવી મંજુરી મધ્યસ્થ શહેર વિકાસ કચેરીએથી મેળવવાની રહેતી ન હોય માંગ્યા મુજબની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. (૫) બીપીએમસી એકટ –૨૬૮ મુજબ ઝોનલે ગેરકાયદેસર ઠરાવી પ્રવૃતિ બંધ કરાવવા હોલ્ડરને જણાવેલ છે અને હોલ્ડર નગર નિયોજકશ્રીને રીવાઈઝ પ્લાન રજૂ કરી હોસ્પિટલ ચાલુ રાખવા અરજી કરી છે તેનો નિર્ણય કયા કારણસર અને કયા કાયદા અનુસાર હોસ્પિટલ ચાલુ રાખવા નિર્ણય લીધો તે કાયદો દર્શાવવા અંગેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૨(છ) તેમજ ૨(ટ) મુજબ રેકર્ડની વ્યાખ્યામાં આવતું ન હોવાથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ સ્પષ્ટતાઓ કે ખુલાસાઓ આપવાનો પ્રશ્ન રહેતો નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં માંગેલ માહિતીનો નિર્ણય દરેક કેસમાં જુદો હોય આરટીઆઈ એકટમાં સામેલ હોવા જોઈએ તે જરૂરી નથી પરંતુ નિર્ણય લેવાયો છે તે હકીકત છે. જેથી કયા કારણસર અને કયા કાયદા હેઠળ નિર્ણય લેવાયો તે જણાવવું જરૂરી છે. આરટીઆઈ કાયદાની કલમ–ક(છ) તેમજ ૨(ટ) ની વ્યાખ્યામાં નિર્ણયનું કારણ જણાવવા બાધ છે એવું લખ્યું નથી અને જો લખ્યું હોય તો લેખિતમાં માહિતી પૂરી પાડવી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતીઅને રેકર્ડ સંદર્ભે શાનો સમાવેશ થાય છે તે જણાવ્યુ છે. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. પ્રસ્તુત કેસમાં આ મુદ્દા અંગે દફતર નોંધ પર તે અંગેની કોઈ વિગતો હોય તો પૂરી પાડવી રહે. જે પૂરી પડાયેલ જણાતી નથી. (૬) રીવાઈઝડ પ્લાન પર કો.ઓ. હાઉસીંગ મંડળીના કયા અધિકારીની સહી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતમાં હોસ્પિટલના હેતુસરના રજૂ થયેલ મોડીફાઈડ પ્લાનની મે. કમિ. શ્રી ની સૈધ્ધાંતિક મંજુરી અન્વયે ઉકત મુજબના મંજુર પ્લાન ઉપર નગર નિયોજકશ્રીએ સહી કરેલ છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે મંડળીના અધિકારીની સહી અંગે વિગત માંગી છે જેમાં એસએમસીના અધિકારીની સહી છે તેવું જણાવેલ છે તે ખોટું છે. માટે રીવાઈઝ પ્લાન પર મંડળીના અધિકારીની સહી છે કે કેમ? અને હોય તો કોની સહી છે તે જણાવો તથા તેનો હોદ્દા જણાવવો. જે અંગે અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવી મુદ્દા નં.૭ પરથી મુદ્દા નં.૬ ની માહિતી મળેલ જણાય છે તેમ છતાં તે બાબતે સ્પષ્ટતા કરવા જણાવેલ પરંતુ અરજદાર કોઈ પૂરક વિગતો રજૂ કરવામાં સફળ રહેવા પામેલ નથી. મુદ્દા ન.(૭) રીવાઈઝ પ્લાન કોની સહીથી આપવામાં આવ્યો છે? તે વ્યકિતનો કો.ઓ. હાઉસીંગ મંડળીમાં હોદ્દા અંગેની વિગત અને નામ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉકત મુજબના મોડીફાઈડ પ્લાન અરજદાર ડો. હીરેન પાઠક અને ડો. પ્રજ્ઞા હીરેન પાઠક ધ્વારા રજૂ થયેલ તેઓના કો.ઓ. હાઉસીંગ મંડળીમાં હોદ્દા અંગેની વિગતો મધ્યસ્થ શહેર વિકાસ કક્ષાએ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ તા.૨૮–૪–૧૧ ના ટીડીઓ/નં.૧ પત્ર મુજબ કે જેમાં ફાઈનલ પ્લોટ નંબર ૩૮ વાળી જમીનમાં આવેલ સંગમ કો.ઓ. હાઉસીંગ સોસા. પ્લોટ નંબર ૩૩ વાળી જમીનમાં હોસ્પિટલ હેતુના રીવાઈઝ પ્લાન પાસ કર્યો છે તે લેટરની કોપી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી ટીપી સ્કીમ નં.૪ (ઉમરા–સાઉથ) ફા.પ્લોટ નં.૩૮ પૈકી સ. પ્લોટ નં.૩૩ વાળી મિલ્કતમાં તા.૨૩–૪–૧૧ થી મંજુર થયેલ મોડીફાઈડ પ્લાનની રજાચિઠ્ઠી ના પત્રની નકલ મેળવવા નકલ ફી પેટે રૂા.૨/– (અંકે રૂપિયા બે પુરા) મધ્યસ્થ શહેર વિકાસ કચેરીએ ભરપાઈ કર્યેથી નકલ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે મુદ્દા નં.૧ તથા ૮ ની વિગતો રસીદ ન.૧૪૨૫૩ તા.૯–૯–૧૧ થી રૂા.૪/– જમા કરાવેલ હોઈ પત્ર નં.ટીડીઓ/૨૫૬ તા.૧૫–૯–૧૧ થી અરજદારને નકલ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૯) સંગમ કો.ઓ. સોસા.નો પ્લોટ નં.૩૩ નો રીવાઈઝ પ્લાનમાં કેટલા સ્વે. ફુટ હોસ્પિટલ માટે અને કેટલા સ્વે. ફુટ રહેઠાણ માટે પાસ કર્યો છે તેની સંપૂર્ણ વિગત આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૩–૪–૧૧ ના રોજથી મંજુર કરેલ મોડીફાઈડ પ્લાનમાં હૌસપટલના એરીયાની સહિતની વિગતો દર્શાવેલ હોય જે પ્લાનની નકલ નંગ–૧ મેળવવા નકલ ફી પેટે રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) મધ્યસ્થ શહેર

વિકાસ કચેરીએ ભરપાઈ કર્યેથી નકલ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં પ્લોટ નં.૩૩ માં પ્લાન ઉપર કેટલા સ્કે. ફીટ હોસ્પિટલ માટે અને કેટલા સ્કે. ફીટ રહેઠાણ માટે મંજુર કર્યા છે તે ફકત સ્કે. ફીટ હિસાબમાંજોઈએ છે માટે તે પ્લાન પર દર્શાવ્યા મુજબ જોઈ ગણીને આપશો. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે મુદ્દા નં.૧ અને ૮ અંગે નાણા ભરી માહિતી મેળવી છે પરંતુ મુદ્દા નં.૨ અને ૧૦ અંગે તેવી માહિતી નાણા ભરી મેળવવા પ્રયાસ કરેલ નથી. વધુમાં અપીલ તબકકે પણ અરજદારને ૨(એફ) અને ૨(જે) ની જોગવાઈ અનુસાર માપ અને અન્ય રીતે ગણીને આપવાની દાવાની માંગણી અંગે જોગવાઈ સ્પષ્ટ કરવા જણાવેલ પરંતુ તેમ કરવામાંઅરજદાર સફળ રહેલન થી. મુદ્દા નં. (૧૦) રીવાઈઝ પ્લાનમાં હેતુ ફેર કર્યો છે તે અંગે હોલ્ડર પાસેથી ઈમ્પેકટ ફી વસુલ કરી છે કે કેમ? અને કયા કાયદા હેઠળ વસુલ કરી છે? તેની વિગત તથા કેટલી રકમ વસુલ કરવામાં આવી છે? વિગેરે સંપૂર્ણ વિગતવાર આપશોજી. તેવા પ્રશ્ન બાબતે મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૨૩૩ તા.૩–૯–૧૧ થી મુદ્દા નં.૧૦ અંગે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. અરજદારે અપીલમાં મુદ્દા નં.૧૦ અંગે માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે.

આમ અરજદારને ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર મુદ્દા નં.૨ અને ૯ અંગે નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. તેમજ મુદ્દા નં.૧૦ અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧૦ અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પૂરી પાડવામાં નહીં આવેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૧ બાબતે તા.૧૩–૧–૧૦ ના રીવાઈઝડ પ્લાનની એનઓસી બાબતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતીની વિગતો તેમજ મુદ્દા નં.૫ તથા ૯ માત્ર માપની અલાયદી વિગતો અંગે દફતરે આવી કોઈ વિગતો હોય તો તે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૯ અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને જણાવેલ પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિજય ઈશ્વરલાલ રસકપુરવાલા,